LIFESTYLE YOUTH RELATIONSHIPS CAMPUS CELEBRITIES TECHNOLOGY SUCCESS STORY

CITY પલ્સ

ગુજરાતમિત્ર

email: citypulse@gujaratmitra.in

શુક્રવાર ૨૫ ઓક્ટોબર, ૨૦૨૪

# ધમાલ મસ્તી ગ્રાન્ડ પાર્ટીની વચ્ચે સુરતીઓનું પ્રિ-દિવાળી સેલિબ્રેશન







## ટ્રેડિશનલ આઉટફિટ, ફૂડ મેન્યુ તથા ઓલ્ડ ફિલ્મી સોંગ્સનું અટ્રેકશન હોય છે : પાયલ શાહ

પાયલ શાહ જણાવે છે કે દર વર્ષે લગભગ હું મારા ઘરે પ્રિ-દિવાળી સેલિબ્રેશન એરેંજ કરું છું. મારા ક્લોઝ ફ્રેન્ડ્સ આ પાર્ટીનો ભાગ હોય છે. ડેકોરેશનના ભાગરૂપે આસોપાલવ તથા ફૂલોના તોરણ, ટી-લાઈટ્સ કેન્ડલ્સ વિ. હોય છે જેથી ફેસ્ટિવ વાઈબ્સ આવે. ટ્રેડિશનલ ગુજરાતી નાસ્તા જેમ કે ચોળાફળી, ઘુઘરા, મઠિયા, મીઠી પુરી વિ. પણ પાર્ટીનું અટ્રેક્શન રહે છે અને ઢોકળા, પાત્રા દાળવડા, વિ. જેવી ગુજરાતી ફુડ આઈટમ્સ હોય તો પૂછવું જ શું! અમને ઓલ્ડ હિન્દી ફિલ્મ સોંગ્સ ખૂબ પસંદ છે એટલે મોટે ભાગે મ્યુઝિશ્યન્સ કે ગિટારિસ્ટને પણ હાયર કરીએ છીએ. અમે તહેવાર નિમિત્તે ભેગા થતા હોવાને કારણે ટ્રેડિશ્નલ આઉટફિટ્સ, સાડી એવું પહેરવું વધારે પસંદ કરીએ છીએ અને ગરબા તો અમારા દરેક સેલિબ્રેશનનો ભાગ બની જ જાય છે. સાથે પાયલનું માનવું છે કે આપણે આપણા ફ્રેન્ડ્સ સાથે તો મન માણીને ફેસ્ટિવલ સેલિબ્રેટ કરીએ જ છે. પરંતુ આવા ઓકેઝન ફેમિલી મેમ્બર્સ સાથે એમની ચોઈસ પ્રમાણે ટાઈમ અને એફર્ટસ આપી સેલિબ્રેટ કરવા જોઈએ.





## મજ્જેની LIFE

આત્યારે દિવાળીનો માહોલ બરાબરનો જામ્યો છે. દિવાળી સંબંધિત ખરીદારીથી શહેરના બજારો ભરચક લાગી રહ્યા છે. શહેરની ઘણી બિલ્ડીંગો તો ઝગમગતી રોશનીથી 15 દિવસથી ઝળહળી રહી છે. દિવાળીનું પ્રિ-સેલિબ્રેશન તો અમેરિકાના વ્હાઇટ હાઉસમાં પણ થાય છે. અમેરિકાના ઘણા શહેરોમાં દિવાળીનું પ્રિ- સેલિબ્રેશન ચાલી રહ્યું છે તો આપણે પાછળ શું કામ રહીએ! સિટીમાં પણ પ્રિ-દિવાળી સેલિબ્રેશનનો ઘમઘમાટ શરૂ થઈ ગયો છે. આમ તો પ્રિ-દિવાળી સેલિબ્રેશનનો ટ્રેન્ડ કોઈ નવો નથી તેને પણ ઘણો સમય થઈ ગયો છે. પણ સોશ્યલ મીડિયાને કારણે તે હવે લાઈમલાઈટમાં આવવા લાગ્યું છે. દિવાળી પણ ફીકી લાગે તેવો માહોલ પ્રિ-દિવાળી સેલિબ્રેશનમાં ઝળહળતો હોય છે. કેટલાક પરિવારો દિવાળી જેવા જ માહોલને પોતાના ઘરમાં કે હોટેલમાં કે પછી ફાર્મ હાઉસમાં ક્રિએટ કરી ફ્રેન્ડ્સ ગ્રૂપ અને ફેમિલી મેમ્બર્સ માટે ગ્રાન્ડ પાર્ટી ઓર્ગનાઇઝ કરે છે. પ્રિ સેલિબ્રેશનમાં અસલ દિવાળી જેવો માહોલ બનાવવા શું કરાતું હોય છે? પ્રિ દિવાળી સેલિબ્રેશનનો ટ્રેન્ડ ક્યારથી અને કેમ છે, આવું સેલિબ્રેશન કેમ કરાતું હોય છે ? આ પાર્ટીને એકદમ ઝળહળતી અને આંખોને આંજીદે તેવી ભવ્ય કેવી રીતે બનાવાય છે ? આપણે અહીં જાણીએ.

## ગિટારિસ્ટ બોલાવી મ્યુઝિક કોન્સર્ટ કરાશે, બામ્બુ પર ફાનસનું થશે ડેકોરેશન: તન્વી અગ્રવાલ



સુરતમાં જ્યારે પ્રિ-સેલિબ્રેશન પાર્ટીનું કલ્ચર હજી તો ડેવલપ થઈ રહ્યું હતું ત્યારથી એટલે કે ઘણા વર્ષથી અમે પ્રિ-દિવાલી સેલિબ્રેશન પાર્ટી ઓર્ગનાઈઝ કરી રહ્યા છીએ આ શબ્દો છે તન્વી અગ્રવાલના. તેમણે જણાવ્યું કે, અમે દર વર્ષે અલગ અલગ ફ્રેન્ડ્સ ગ્રૂપ, ફ્રેન્ડ્સ સર્કલમાં ત્રણ વખત તો પ્રિ-દિવાળી સેલિબ્રેશન પાર્ટી કરીએ છીએ. અમારી આ વખતની પાર્ટીનું અટ્રેક્શન બામ્બુ પર ફાનસનું ડેકોરેશન રહેશે. અમે ફાર્મ હાઉસ પર પાર્ટી કરીશું એટલે ત્યાં ગલગોટાના ફૂલો અને બીજા ફલાવર્સની રંગોળી કરીશું. તેની પર દિવાનું સુંદર મજાનું ડેકોરેશન થશે. આ વખતે અમે આપણી જૂની અસલ પરંપરા પ્રમાણે નીચે જમીન પર બાજ મૂકી તેની પર બેસીને ટ્રેડિશનલ ફૂડનો ટેસ્ટ લઈશું. ગેસ્ટને ખાસ તો ઘૂઘરા અને માલપુવા અસલ સ્વિટ્સ પીરસવામાં આવશે. બધી જ લેડીઝ કેસરી કલરની સાડીમાં અને જેન્ટ્સ કુર્તા પાયજામાં સજ્જ રહેશે. ખાસ તો ગિટારિસ્ટ બોલાવાશે અને નાનકડું મ્યુઝિક કોન્સર્ટ થશે. ગરબા તો રમીશું જ સાથે અસલ ટ્રેડિશનલ ગુજરાતી ગીતો ગાઈને આ પાર્ટીની મજા લઈશું.



## સ્કૂલ ટાઇમની 35 ફ્રેન્ડસનું રિયુનિયન અને પ્રિ-દિવાળી સેલિબ્રેશનની ભવ્ય પાર્ટી: પિંકી જરીવાલા



હું, ગાયત્રી અને બીજી ત્રણ ફ્રેન્ડ્સ એક દિવસ એમ જ બેઠા હતા ત્યારે આઈડિયા આવ્યો કે આપણી સ્કુલ ટાઈમની ફ્રેન્ડ્સનું રિયુનિયન પણ કરીએ અને સાથે પ્રિ-દિવાળી સેલિબ્રેશન કરીએ અને જોત જોતામાં સ્કૂલ ટાઈમની 35 ફ્રેન્ડ્સનો કોન્ટેકટ કરી પાર્ટીનું ગોઠવી નાખ્યું. આ શબ્દો છે પિંકી જરીવાલાના. તેમણે જણાવ્યું કે બુધવારે અમારી પ્રિ-દિવાળી સેલિબ્રેશન પાર્ટી થઈ ગઈ. અમારી આ પાર્ટીમાં વિશેષતા એ રહી કે કોઈએ ઘુમ્મર નૃત્ય કર્યું તો કોઈએ ગરબા કર્યા કોઈએ કોઈએ ફિલ્મી ગીતો પર ડાન્સ કર્યો. આ પાર્ટી અમે એક કાફેમાં કરી જ્યાં ગુલાબના ફૂલોની રંગોળી કરાઈ હતી. દીવા અને ગલગોટાના ફૂલોથી ડેકોરેશન કર્યું હતું. પહેલાથી જ નક્કી કર્યું હતું કે દિવાળીની વાઈબ્સ આવે માટે ટ્રેડિશનલ ડ્રેસ ચુડીદાર અને સરારા પહેરીને આવવું. મેં અને ગાયત્રીએ આ આખી પાર્ટી ઓર્ગનાઈઝ કરી હતી. સ્કૂલ ટાઈમની કેટલીક ફ્રેન્ડ્સ ને તો અમે વર્ષો બાદ પહેલી વાર મળ્યા. ખાસ વાત એ હતી કે બધી જ ફ્રેન્ડ્સ કોઈને કોઈ પ્રોફેશન સાથે જોડાયેલી છે. મ્યુઝિક સિસ્ટમ ગોઠવ્યું હતું અને વિવિધ ગીતોની મહેફિલ જમાવી હતી.

## 500 માટીના દિવાનું ડેકોરેશન, જેના પર્સમાં મેકઅપની વધારે વસ્તુ રહેશે તેને અપાશે ઇનામ: કૃણાલી ધામેલીયા



કૃણાલી ધામેલીયાએ જણાવ્યું કે, પ્રિ દિવાળી સેલિબ્રેશનનો ટ્રેન્ડ આમ તો ઘણા વર્ષથી છે પણ સોશ્યલ મીડિયાને કારણે તે અત્યારે હાઈલાઈટ થઈ રહ્યું છે. અમારી કોમન ફ્રેન્ડ્સ, કપલ્સની ત્રણથી ચાર પ્રિ-દિવાલી સેલિબ્રેશન પાર્ટી થઈ જાય છે. ગયા વર્ષે અમે ફાર્મ હાઉસમાં આ પાર્ટી કરી હતી તો આ વખતે મેં અને અલ્પા બલર તથા શીતલ ખેની ત્રણેય ફ્રેંડસે સાથે મળી 100 ફિમેલ્સની પાર્ટી ઓર્ગનાઈઝ કરી. આ વખતે R.J. ને બોલાવ્યા હતા. જેમણે 7થી 8 ગેમ્સ રમાડી, ટ્વિસ્ટિંગ કવેશ્ચન હતા. જેના વાળ લાંબા હશે, જેના નખ સુંદર હશે, જેનો ચાંદલો મોટો હશે અને જેના પર્સમાં સૌથી વધારે મેક અપની વસ્તુઓ હતી. તેમને ગિફ્ટ અપાઇ. આ રીતે પાર્ટીનું એકસાઈટમેન્ટ અનેરુ રહ્યું. ગલગોટાના ફૂલો અને પરંપરાગત 500 માટીના દિવાનું ડેકોરેશન કરાશે, અટ્રેકટિવ લાઈટિંગ રહેશે. ડ્રેસ કોડ ઈન્ડો વેસ્ટર્ન, સાડી અને ગાઉન રાખ્યા એને કારણે ફેસ્ટિવલ વાઈબ્સ આવશે. પાર્ટીમાં જેમ જેમ ગેસ્ટ આવ્યા દરેકનું ગેટ પર તિલક કરીને, ગુલાબ આપીને તથા ચોકલેટથી મોઢું મીઠું કરાવીને સ્વાગત થયું. યંગ ગર્લ્સ માટે પાણી પુરી અને ચાટનું અટ્રેકશન રહ્યું. ડિનર બાદ ફટાકડા પણ ફોડ્યા.



# દિવાળીમાં અમિતાભના ઘરની શોભા વધારશે સુરતના તોરણ, રંગોળી અને પ્લેટરથી

Succcess મંત્ર

આપણા સુરતી આર્ટિસ્ટ્સ હવે સુરતમાં જ નહીં પણ બોલિવુડમાં પણ નામ કાઢી રહ્યા છે. હાલમાં જ સુરતની એક આર્ટિસ્ટે બ્લેઝર પર અમિતાભજીનું પેઇન્ટિંગ કર્યું હતું જે બ્લેઝર અમિતાભજી પોતાના ઘરે લઈ ગયા હતા સાથે આર્ટિસ્ટની કમાલની પેઇન્ટિંગના વખાણ કર્યા હતા. હવે અમિતાભના ઘરની દિવાળી ઝગમગી ઉઠવાની છે અને એકદમ ડેકોરેટિવ બનવાની છે સુરતમાં બનેલા તોરણ, રંગોળી અને પ્લેટરથી. દિવાળી માટેના આ ડેકોરેટિવ આર્ટિકલ સુરતમાં કોણે બનાવ્યા છે? અમિતાભ બચ્ચને કેમ સુરતના ડેકોરેટિવ આર્ટિકલ પર પસંદગી ઉતારી, આ ડેકોરેટિવ આર્ટિકલ્સની શું વિશેષતા છે ? તે અમે તમને અહીં જણાવી રહ્યા છીએ.

## 40 ઇંચની રંગોળી, ફ્યુઝન વર્કનું તોરણ અમિતાભજીના ઘરની શોભા વધારશે

ડેકોરેટિવ આર્ટિકલ્સ બનાવવામાં માહિર પ્રિયાબેને જણાવ્યું કે મારા સહયોગીઓએ બનાવેલા ફ્યુઝન તોરણ અને 40 ઈંચની રંગોળી મંગળવારે અમિતાભના ઘરે મોકલવામાં આવી છે. ફ્યુઝન તોરણ ત્રણ આર્ટના ફોર્મને મિક્સ કરીને તૈયાર કરાયું છે. આ તોરણ દેખાવે તો ખૂબ જ આકર્ષક છે અને તેમાં વર્ક એમ્બ્રોઇડરીનું, મીરર અને સ્ટોનનું છે. તેના સેન્ટર પીસમાં ટ્રી ઓફ લાઈફ કલ્પવૃક્ષ એમ્બ્રોઇડરીથી બનાવ્યું છે. વૃક્ષ પર પક્ષી અને વૃક્ષની નીચે હાથી પણ એમ્બ્રોઇડરી વર્કના છે. આજુબાજુ મોર અને મોટા હાથી છે. આ તોરણને બનાવતા ચાર દિવસ લાગ્યા હતા. 40 ઈંચની રંગોળી પણ મોકલવામાં આવી છે. ત્રણ લેયરની આ રંગોળીમાં મિરર અને મોટીફ વર્ક છે. આ રંગોળી આખી વુડન પર બનાવાઈ છે. તેને તૈયાર કરતા પણ 4 દિવસ લાગ્યા હતા.

## અમિતાભજીના કપડા ડિઝાઇન કરતા એક ફેશન ડિઝાઇનરે મારો સંપર્ક કર્યો: પ્રિયા ગજ્જર



પ્રિયા ગજ્જરે જણાવ્યું કે હું એકવાર દુબાઈ ગઈ હતી ત્યારે એરપોર્ટ પર એક મહિલા સાથે વાતચીત થઈ હતી. તેઓ મને સોશ્યલ મીડિયા પર ફોલો કરતા હતા તેમણે મારા આ વર્કની તારીફ અમિતાભજીના ફેશન ડિઝાઈનર સમક્ષ કરી હતી. આ ફેશન ડિઝાઈનર અમિતાભ, અભિષેક અને આરાધ્યા બચ્ચનના કપડા ડિઝાઇન કરે છે. તેમણે મારો કોન્ટેક 5 દિવસ પહેલા કર્યો હતો અને જણાવ્યું હતું કે અમિતાભજીના ઘર માટે ડેકોરેટિવ આર્ટિકલ્સ મોકલવાના છે. મેં મારી પાસે જે તૈયાર ડેકોરેટિવ આર્ટિકલ્સ હતા તેના વીડિયો આ ફેશન ડિઝાઇનરને સેન્ડ કર્યા હતા જે એમને પસંદ આવતા તેનું સરસ પેકીંગ કરી મંગળવારે મોકલવામાં આવ્યા હતા.







## મિરર મોઝેક વર્કની પ્લેટર અમિતાભજીના ઘરને ઝગમગાવશે

પ્રિયાબેન જણાવ્યું કે મેં મિરર મોઝેકનું પ્લેટર મોકલ્યું છે જેની અંદર LED લાઈટ છે. પ્લેટરની વચ્ચે મોરની ડિઝાઇન છે. લાઈટ ચાલુ કરતા જ પ્લેટર રંગીન લાઈટથી ઝળહળી ઉઠશે. આ પ્લેટર વોલ પર લગાવી શકાય અને રૂમમાં કશે પણ મૂકી શકાય છે.